# માઈલ સ્ટોન નં. ૨

## સ્વ. શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી




સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ભડકૂવા ગામે ઈ.સ.૧૯૧૫માં જૂનની ૧૪મી તારીખે રામજીભાઈનો જન્મ થયો. પિતાનું નામ રૂપાભાઈ અને માતાનું નામ છનીબેન. ભડકૂવા છોડી લવેટ ગામમાં કાયમી વસવાટ કર્યો.

આ તાલુકો ગાયકવાડ રાજ્યનો હતો. ગાયકવાડ સરકારે આદિવાસી રાનીપરજનાં બાળકો માટે ધો.૬ સુધીનું એક છાત્રાલય વાંકલમાં શરૂ કરેલ. તેમાં રહી વાંકલની પ્રાથમિક શાળામાં ધો.૬ સુધીનું શિક્ષણ તેમણે મેળવ્યું. છાત્રાવાસ દરમિયાન અન્યાયી બાબતોમાં લીડરશીપ લઈ પ્રતિકાર કરવાનું તેઓ ચૂકતા નહીં. ધો.૬ સુધીનો અભ્યાસ કરેલ વ્યક્તિને ગાયકવાડ સરકાર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે સમાવતી.

**લગ્ન :**

ઉમંર લાયક થતાં જ લવેટ ગામના એક ખાનદાન પરિવારની કન્યા કમુબેન જોડે ઈ.સ.૧૯૩૪માં લગ્ન થયાં.

**નોકરી :**

ઈ.સ.૧૯૩૮માં કલ્યાણજી મહેતા અને મીઉબેન પીટીટ્ર સરધા કેવડી આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયા. આશ્રમમાં રાષ્ટ્રીય કાર્યક્રમો વારંવાર થતા તેથી દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગી. ગરીબ આદિવાસીઓના પ્રશ્નો તેમને સતાવવા લાગ્યા. અંતે તેમણે નોકરી છોડી.

**કિસાનસભામાં પ્રવેશ :**

ઈ.સ.૧૯૩૮માં બિહારના સ્વામી સહજાનંદ સરસ્વતી હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં પધારેલા તેઓ માંડવી તાલુકાના નજીકના ગામની જાહેર સભામાં ઈન્દુલાલ યાજ્ઞિક સાથે પહોંચ્યા. ત્યાં સ્વામીજીએ રાનીપરજ ભાઈ બહેનોની કંગાળ હાલત જોઈ એમનું હૈયું ઉકળી ઊઠ્યું. તેમણે વક્તવ્ય આપ્યું "ઈ.સ.૧૯૩૮ના હરિપુરા કોંગ્રેસ અધિવેશન માટે ખરચાના લાખો રૂપિયા તમારા જેવા ભૂખ્યા નિરાધાર કિસાનોના શોષણથી ભેગા થયા છે. માટે તેમને આગ્રહ કરીને કહો કે આધ ભાગની પ્રથા નાબૂદ કરાવો. બધીય જાતની લૂંટ અને ગુલામી પ્રથા બંધ કરાવો." સ્વામીજીની જોશીલી વાણી સાંભળી રામજીભાઈ ચૌધરી પ્રભાવિત થયા અને મંચ પર સ્વામીજીને મળવા આવ્યા એ દિવસથી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી કિસાનવાદી બની ગયા. એનું માધ્યમ ક્રાન્તિકારી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક હોવાથી એમને રામજીભાઈએ રાજકીય ગુરૂ માન્યા. દેશની આદિવાસી પ્રજાની થતી શાષણનીતિ, ગરીબાઈ, શાહુકારોના જુલમો અને અંગ્રેજોના જુલમો સામે શૂરવીર રામજીભાઈ ચૌધરી નરબંકા બન્યા.

**હરિપુરા કોંગ્રેસ અધિવેશન અને કિસાન રેલી :**

ઈ.સ.૧૯૩૮ની હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં સભા સરઘસની બંધી ફરમાવેલ હોવા છતાં ઈન્દુલાલ યાજ્ઞિક, રામજીભાઈ ચૌધરી, પાંગરકરદાદા જેવા કાર્યકરો અને રાનીપરજના સાથીદારોના સહકારથી લાલ ઝંડા સાથે નાનું સરઘસ કાઢ્યું. "ઈન્કલાબ જિંદાબાદ" ,"કિસાન સભા જિંદાબાદ", "આધભાગની પ્રથા નાબૂદ કરો", "હાળી પ્રથા મુર્દાબાદ" જેવાં સૂત્રો પોકાર્યા અને કિસાન ક્રાંતિનું ગીત ગાયું. સરઘસની ખબર કોંગ્રેસ મોવડી મંડળને પહોંચી ગઈ. કોંગ્રેસની મહાસમિતિની બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલે કિસાન સભાની સખત ટીકા કરવાનો આરંભ કર્યો એટલે ચારે બાજુથી એવો વિરોધ થયો કે તેમને બેસી જવાની ફરજ પડી. છેવટે કોંગ્રેસના પ્રમુખ નેતાજી સુભાષચંદ્ર બોઝે તેમના ભાષણમાં કહ્યું કે "કિસાનસભાએ હવે દેશમાં બરાબર પગદંડો જમાવ્યો છે, તેથી તેને કોઈ હટાવી શકે તેમ નથી."

(કિસાન કથા) ઈન્દુલાલ યાજ્ઞિક

**લવેટ - કિસાન સભાની લડતનું થાણું :**

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના વિચારોથી લવેટના રામજીભાઈ અને વ્યારાના પાંગરકરદાદા પ્રભાવિત થયા.

દક્ષિત ગુજરાતના સુરત, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારની પ્રજાઓમાં શાહુકારો, જમીનદારો, ઈજારદારો, કોન્ટ્રાક્ટરો, પારસીઓ દ્વારા ચાલી રહેલા શોષણ, લૂંટ, ગુલામગીરી, હાળી પ્રથા, અન્યાયી ગણોત ધારો, અન્યાયી અધભાગી પ્રથા જેવા દૂષણો નાબૂદ કરવા તેમજ આદિવાસી પ્રજાઓમાં ઘર કરી ગયેલા અંધશ્રધ્ધા, વહેમો, દારૂ-તાડી જેવાં વ્યસનો દૂર કરવા જાહરે સભા સરઘસ-રેલીના કાર્યક્રમો ઉપાડ્યા. તેમાં સુરત જિલ્લાના માંગરોળ અને માંડવી તાલુકામાં શ્રી રામજીભાઈએ આગેવાની લઈ લડત ઉપાડી. આ કિસાન સભાના અનેક કાર્યક્રમોનું લવેટ ઐતિહાસિક મથક બન્યું.

**૨૭ માર્ચ ૧૯૩૮ દેવા નાબૂદી ઉજવણી કરી:** ખેડૂતોના દેવાનો અંદાજ ૯૦૦ કરોડ પરથી ૧૫૦૦ કરોડ પર પહોંચી ગયેલો. આ અસહ્ય બોજો નાબૂદ કરવા લવેટમાં ૭૦૦૦ ખેડૂતો ગણોતિયા, મજૂરોની જંગી સભા થઈ. તેમાં કિસાનોએ અધભાગ અને હાળી પ્રથાનો વિરોધ કર્યો. લોકજાગૃતિ થઈ.

**૩ જુલાઈ ૧૯૩૮માં લવેટ કિસાનદિનની ઉજવણી :**

માંગરોળ માંડવીના કિસાનોની સભા થઈ. ઉપજનો અર્ધોભાગ ન આપવા કિસાનો મક્કમ બન્યા.

**૨૬ જુલાઈ ૧૯૩૮ :**

જમીનદારોએ અદાલતમાં દાવા કર્યા. ૨૬ જુલાઈએ ખેડૂતો પાસેથી જમીનદારોએ હૂકમ નામાના આધારે જમીનનો કબજો મેળવી લીધો. ૧ લી ઑગસ્ટે ખેડૂતોએ ફરીથી જમીનના કબજા કરી લીધા. ૪ થી સપ્ટેમ્બરે પોલીસોની મોટી સેના ખેડૂતોને તેમની જમીનમાંથી હાંકી કાઢવા માટે આવી, ત્યારે ખેડૂતો અને પોલીસો વચ્ચે ઝપાઝપી થઈ. પરિણામે ૧૦ સપ્ટેમ્બર સુધીમાં લીડર શ્રી રામજીભાઈ અને આઠેક કિસાનોને પકડીને કઠોરની જેલમાં પૂરી દીધા. બે માસ પછી જામીન પર છૂટ્યા. **પરિણામે ..**

(૧) ખેડૂતોને અધભાગને બદલે પાંચ પટ ગણોત આપવા ઠરાવ્યું.

(૨) હાળીઓ વધારે પગાર અને હક્ક મેળવતા થયા.

ગુજરાત ખેડૂત સભા કે ખેડૂત પરિષદ દ્વારા કિસાનસભાની પ્રવૃત્તિઓને પરિણામે રામજીભાઈ ચૌધરીએ વારંવાર ધરપકડો વહોરી. માંગરોળ વડોદરાનો જેલવાસ ભોગવ્યો હતો.

**વડોદરા રાજમહેલ સામે ફાનસરેલી :** ઈ.સ.૧૯૪૫ રાજાશાહીના જમાનામાં તંત્ર ચલાવનાર અધિકારીઓ પ્રજાની દાદ બિલકુલ સાંભળતા નહીં. શ્રી રામજીભાઈ સરકારના પ્રજામંડળના પ્રતિનિધિ હતા. ગાયકવાડ સરકારના અન્યાયિ કારભાર સામે શ્રી રામજીભાઈએ ધોળે દિવસે ફાનસ સાથે આદિવાસી

ખેડૂતોની કૂચ કાઢી હતી.

**જંગલની જમીન શ્રમજીવીઓને :** ઈ.સ.૧૯૪૫ ગાયકવાડ સરકારે પોતાના વિસ્તારની પ્રજા માટે ઉપયોગી કામો કરવા સમસ્યા જાણવા "પ્રજા મંડળ" ની રચના કરેલી. તેમાં રામજીભાઈ પ્રતિનિધિ હતા. પ્રજા મંડળની સભાઓ થતી. વડ, લવેટ, કંટવાવ વિસ્તારની આદિવાસી પ્રજાની માંગ ઊઠી : "આ ભારે જંગલની જમીન અમને ખેતી માટે મળજી જોઈએ" રામજીભાઈએ આગેવાની લીધી. લડતમાં સફળતા મળી. શ્રમજીવી ખેડૂતોને શ્રી રામજીભાઈ એ આઠ-આઠ વીઘા જમીન મફત અપાવી.

**બાલદા આદિવાસી પરિષદ : ૧૯૪૫**

આદિવાસીઓ હિંમવાન થાય, વ્યસન મુક્ત થાય, કુરિવાજો છોડે અને ભણીગણી આર્થિક વિકાસ સાધે તે માટે પૂ.જુગતરામભાઈ અને શ્રી ચુનિભાઈ મહેતાના સૂચનથી બાલદા મુકામે "આદિવાસી પરિષદ" ભરી હતી. જેના પ્રમુખ તરીકે મુંબઈ રાજ્યના ગૃહમંત્રી મોરારજી દેસાઈ હતા. ગુજરાતના તમામ આદિવાસીઓને પધારવા નિમંત્રણ પાઠવ્યા હતા. સ્વાગત સમિતિમાં વ્યારાના માલજીભાઈ રૂડાભાઈ હતા. રામજીભાઈ પણ કમિટિમાં હતા. તે જ વખતે થાણા જિલ્લામાં ગણોત હક્કના આંદોલન બાબતે ગોળીબાર થયેલો. તેમાં ઘણા આદિવાસીઓનાં મૃત્યુ થયેલાં. તેથી શ્રી રામજીભાઈએ ઠરાવ મૂક્યો કે થાણા જિલ્લામાં ગોદાવરી બહેને આદિવાસીઓને જમીન મળે અને તેમના ગણોત હક્ક જળવાય તે માટે સભા-સરઘસ કાઢ્યાં. ચાલુ સરકારે તેમના ઉપર ગોળીબાર કર્યો. જેમાં કેટલાક આદિવાસીઓ ગુજરી ગયા છે. જેથી આદિવાસી ભાઈ-બહેનોએ આ ઠરાવને ટેકો આપ્યો. મોરારજી ભાઈ કહે " આ ઠરાવ કરાવવો હોય તો મારે પ્રમુખ થવું નથી" ખૂબ ગરમાગરમ ચર્ચા થઈ. તેમાં એકધારા ચાલીસ મિનિટના રામજીભાઈના વ્યક્તવ્યથી જુગતરામભાઈ પ્રભાવિત થયા.તેમને લાગ્યું કે આ યુવાન આપણા મંડળમાં ઉપયોગી થાય તેમ છે. પૂ. જુગતરામભાઈએ રામજીભાઈને ઠરાવ પાછો ખેંચવા જણાવ્યું. શ્રી રામજીભાઈ જુગતરામ ભાઈ દવેની વાત સ્વીકારી ઠરાવ પાછો ખેંચ્યો. તે પછી આદિવાસીઓની ઉન્નતિના અનેક ઠરાવો થયા.

**રેગામા (માંડવી) ગામે ચૌધરી સમાજની પરિષદ : ૧૯૪૮**

ચૌધરી સમાજના સૂત્રધારો - શ્રી જીવણભાઈ, ધનજીભાઈ, શ્રી રામજીભાઈ રૂ.ચૌધરી, શ્રી નવલભાઈ ચૌધરી (ઇશનપુર) આગેવાનોએ ચૌધરી સમાજ સુધારણા માટે પરિષદ ભરવાનું નક્કી કર્યું. તા.૧૪-૩-૧૯૪૮ના રોજ શ્રી સુખાનંદ મહારાજના પ્રમુખપદે ચૌધરી સમાજની પરિષદ મળી. સમાજના આગેવાનોએ લાંબી ચર્ચા કરી. એમાં સૌથી ચિંતનશીલ અને સૂઝબૂઝવાળા શ્રી રામજીભાઈએ ચૌધરી સમાજ સુધારણા ધારા ધોરણ ખરડો તૈયાર કર્યો. ખરડાને સહુએ બહાલી આપી. ચૌધરી સમાજની બહાલી મેળવીને પછી "ચૌધરી સમાજ સુધારણા મંડળ" ની સ્થાપના કરી. તેના પ્રમુખ તરીકે શ્રી જીવણભાઈ ચૌધરી અને મંત્રી તરીકે પરસોત્તમભાઈ ચૌધરીની વરણી થઈ. ચૌધરી સમાજની પરિષદમાં સમાજનું બંધારણ ઘડાયું. સમાજ સુધારણા માટે વર્ષો સુધી સભા, બેઠકો, પરિષદો ભરીને સમાજને દોરવણી આપી. પરિણામે સામાજિક સુધારા શક્ય બન્યા.

- ખોટા રીત-રિવાજો બંધ થયા.
- સમાજનો મોટો ભાગ ધર્મમાં જોડાયો.
- કન્યાદાન તથા લગ્ન પ્રથામાં સુધારો થયો.
- મરણક્રિયા પછીના રીત-રિવાજોમાં સુધારો થયો.
- બહેનોના પોષાકો બદલાયા.
- બહેનોના ઘરેણાં બદલાયાં.

**કોંગ્રેસ પ્રવેશ અને રાજ્ય સરકારમાં સક્રિય :**

ઈ.સ.૧૯૫૭માં મુંબઈ રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં માંડવીના શ્રી પ્રભુભાઈ ધનાભાઈ કોંગ્રેસમાંથી ઉભા રહ્યા. એમની સામે કિસાનસભામાંથી રામજીભાઈ ચૌધરી ઊભા રાહ્યા. ભારતની આઝાદી માટે કોંગ્રેસે વધારે મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાથી પ્રજાપર કોંગ્રેસની ભારે પકડ હતી. પરિણામે

રામજીભાઈ ઈ.સ.૧૯૫૭ની ચૂંટણી હાર્યા.

પોતાની શક્તિનો ઉપયોગ ગરીબ અજ્ઞાન આદિવાસી પ્રજા માટે થાય એટલા માટે કિસાનસભામાંથી ઈ.સ.૧૯૫૭માં કોંગ્રસમાં જોડાઈ ગયા.

ઈ.સ.૧૯૬૨માં કોંગ્રેસમાંથી ગુજરાત વિધાનસભાની સીટ પર માંગરોળ તાલુકામાંથી ઊભા રહ્યા. ચૂંટાઈને ધારાસભામાં ગયા. વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બન્યા એટલું જ નહીં, ગુજરાતભરમાં પછાત વિસ્તારમાંથી ગમે તે પક્ષમાંથી ચૂંટાઈને આવેલ ધારા સભ્યોનું એક "સ્વાધ્યાય વર્તુળ ઊભું કર્યું" સ્વાધ્યાય વર્તુળ આદિવાસીઓના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા લાગ્યું. સરકારશ્રી આગળ અને વિધાનસભામાં જોરદાર રજૂઆત થવા લાગી, પરિણામે આજે કેટલીક સવિધાનાં દર્શન કરી શકાય છે.

૧. ગુજરાતમાં અત્યાર સુધી નાયબ પ્રધાન સુધીનું જ સ્થાન આપવામાં આવ્યું છે. તેને બદલે ફુલ મિનિસ્ટરની માંગણી મૂકતા તે સ્થાન મળતું થયું અને શ્રી અમરસિંહભાઈ ચૌધરી ગુજરાતના મુખ્યમંત્રી બની શક્યા.

૨. જિલ્લે જિલ્લે ઉચ્ચ શિક્ષણ સુધીની આદિવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયોની સુવિધા મળી છે.

૩. ગણોતધારો, ઋણ રાહતધારો, વિવિધ પ્રકારની સહાયની વ્યવસ્થા ઉભી થઈ.

૪. આદિવાસીઓના સર્વાંગી વિકાસ અર્થે ગુજરાતભરમાં ટ્રાયબલ સબપ્લાનની સુવિધા મળી છે.

૫. આદિવાસીઓના વિકાસ અર્થે ગુજરાત રાજ્ય આદિવાસી નિગમની સુવિધા મળી છે.

સને ૧૯૬૭ની ચૂંટણીમાં માંગરોળ મત વિસ્તાર માંથી કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારી નોંધાવી અને ચૂંટણી જીત્યા. અલ્પ સમયમાં નાયબ મંત્રીનું પદ શોભાવ્યું. ગુજરાતમાં કોંગ્રેસ સરકાર અને કેન્દ્રમાં પણ કોંગ્રેસ સરકાર. કેન્દ્રમાં શ્રીમતી ઈન્દિરા ગાંધી વડાપ્રધાન બન્યા જયારે નાયબ વડાપ્રધાન અને નાણામંત્રી મોરારજી દેસાઈ બન્યા. બન્ને વચ્ચે મતભેદ થયા અને શ્રી મોરારજીભાઈએ કેબિનેટ પ્રધાન મંડળમાંથી તાત્કાલિક રાજીનામું આપી દીધું. મોરારજીભાઈની વિચારધારાવાળા અન્ય મંત્રીઓએ પણ રાજીનામાં ધરી દીધા. પરિણામે કોંગ્રેસમાં ભાગલા પડ્યા. સંસ્થા કોંગ્રેસ અને ઇન્દિરા કોંગ્રેસ. દેશની કોંગ્રેસ સકરકારનું વિસર્જન થયું.

ઈ.સ.૧૯૬૯માં ચૂંટણી આવી. રામજીભાઈ સંસ્થા કોંગ્રેસમાંથી ઉભા રહ્યા અને ચૂંટણી હાર્યા, પરંતુ ગુજરાત એસ.ટી.બોર્ડના સભ્ય ડિરેક્ટર બન્યા. એસ.ટી. બોર્ડની કામગીરી ખૂબ જ વફાદારીથી અદા કરી, ઉમદા છાપ ઊભી કરી શક્યા.

**ગ્રામ સેવા સમાજ : વાંકલ**

શ્રી રામજીભાઈ ચૌધરીએ માંગરોળ તાલુકામાં વાંકલ(વેરાવી) મુકામે ગ્રામ સેવા સમાજની સ્થાપના તા.૨૬-૬-૧૯૬૪ના રોજ કરી. આ વિસ્તાર ડુંગરાળ અને વેરાન પ્રદેશ છે. જ્યાં ગરીબ આદિવાસી પ્રજા વસે છે. જે આધુનિક ખેતીવાડી, શિક્ષણ, માર્ગો, આરોગ્ય, વીજળી, પીવાના પાણીની સુવિધાથી વંચિત છે. સ્વરાજ્ય પ્રાપ્તિ પછી સરકારે ભારતના નવનિર્માણ માટે ઘડેલી યોજનાનો લાભ છેવાડાના માનવીને પહોંચાડવા માટે સેવાભાવના માધ્યમની જરૂર હતી. આ જવાબદારી માંગરોળ તાલુકામાં ગ્રામ સેવા સમાજે ઉપાડી લીધી. શ્રી રામજીભાઈએ આ સંસ્થા દ્વારા સર્વોદય યોજના ચલાવી. ગુજરાત આદિવાસી નિગમમાંથી વિવિધ પ્રકારની સહાય અને લોનો અપાવી. કસ્તુરબા માધ્યમિક કન્યા છાત્રાલય વાંકલ, બોરસદ, દેગડિયા આશ્રમશાળા અને પાતલદેવી આશ્રમશાળા દ્વારા આદિવાસી બાળકોને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી. જંગલ સહકારી મંડળીઓ રચી. તાલુકાના કાર્યકરોનું સંગઠન કર્યું. નવા નવા કાર્યકર્તા તૈયાર કર્યા. ચૂંટીને ગુજરાતની વિધાનસભામાં મોકલ્યા. મૃત્યુ પર્યંત તેઓ ગ્રામ સેવા સમાજના પ્રમુખ રહ્યા.

એમણે શરૂ કરેલ આશ્રમશાળાઓ અને માધ્યમિક કન્યા છાત્રાલય એમના જીવંત સ્મારક સમા છે.

**ધાર્મિક ક્ષેત્ર :** લવેટ ગામ નાનું અને ઘણું પછાત

હતું. લોકો અજ્ઞાની, અંધશ્રધ્ધાળું અને વ્યસની હતા. અનેક પ્રકારના કરિવાજો પ્રચલિત હતા. આમાંથી લોકોને બહાર કાઢવાનો એક માત્ર ઉપાય ગુરૂ કંઠી છે એવું રામજીભાઈને લાગ્યું. સતકૈવલ સંપ્રદાયના સંત પરમહંસ સુખાનંદજી મહારાજને લવેટ પધારવા આમંત્રણ આપ્યું. ફળિયામાં મોટા મંડપો બંધાવ્યા. સાધુ સંતોને રહેવા તંબુની વ્યવસ્થા કરી. ગામમાં અને આજુબાજુના ગામડાંઓમાં સૌને સૂચના આપી કે વહેલી સવારે નાહી-ધોઈને ગુરૂકંઠી કરાવવા આવી જવું.

સભામંડપમાં ભજનમંડળી દ્વારા ભજનો ગવાય. પૂજનીય સંત શ્રી સુખાનંદ મહારાજ ગાદી પર બિરાજમાન થાય અને શુભઘડીએ ગુરૂવચન સાથે ગુરૂકંઠી કરાવવાનો વિધિ શરૂ થાય, ફૂલો, શ્રીફળ અને પૈસા અર્પણ કરવા ગુરૂ ચરણમાં ભક્તો નમન કરે. ગુરૂજી ચાંદલો કરીને ગળામાં તુલસીની કંઠી પહેરાવે, ઉપદેશ આપે. પરિણામે લોકો સવાર સાંજ પ્રાર્થના ઉપાસના કરવા લાગ્યાં, કીર્તન સતસંગનો લાભ લેતા થયા. ધાર્મિક અસરને કારણે વિવિધ પ્રકારનાં દૂષણો દૂર થવા લાગ્યા. દારૂ તાડી ગઈ. અંધશ્રધ્ધા ગઈ. મરઘા, બતક ગયા. શિક્ષણ વધવા લાગ્યું. લોકોની જીવન શૈલી બદલાવા લાગી. વારંવાર સંતોના આગમનથી શ્રી રામજીભાઈની પ્રવૃત્તિને મોટો વેગ મળ્યો.

**પ્રસંગો :**

૧.સ્વાતંત્ર્ય સૈનિકો માટેની પેન્શન યોજનાઓ પ્રેમથી અસ્વીકાર કર્યો. નબળી આર્થિક સ્થિતિમાં પણ મૂલ્યનું જતન કરવાનું ચૂક્યા નહીં. ધન્ય છે આપની રાષ્ટ્રીય ભાવનાને.

૨.ઉકાઈ બંધના બાંધકામમાં લગભગ ૧૫૦ ગામોની જમીન ડૂબમાં ગઈ. સરકારે નક્કી કરેલ દરે જમીનનું વળતર ચૂકવેલું. પાછળથી વધુ વળતર માટે માંગણી થઈ. એના પર વિચારણા કરી માત્ર આદિવાસી ખેડૂતોને વળતર વધારી આપવાનો વિચાર કર્યો. સોનગઢ, ઉત્છલ અને નિઝર તાલુકાના બિનઆદિવાસી જમીનદારો શ્રી મહેન્દ્રભાઈ શાહની આગેવાની હેઠળ રામજીભાઈને મળ્યા. રામજીભાઈએ સરકારમાં રજૂઆત કરી અને બિનઆદિવાસી ખેડૂતોને પણ વળતર મળ્યું. એનો યશ ફક્ત રામજીભાઈને ફાળે જાય છે.

૩.ઈ.સ.૧૯૬૮માં કીમ નદીમાં ભારે પૂર આવ્યું. તેમાં ૨૦ ગામો તારાજ થયેલાં. પૂર ઉતર્યા પછી શ્રી છત્રસિંહ પરમાર સાથે પગપાળા ચાલતા ચાલતા પૂરની તારાજીનું જાતે નિરીક્ષણ કરીને રાહત માટેની યોજના બનાવીને સહાય કરી. એમની સેવાની ધગશ અને સહાનભૂતિ દાદ માંગી લે તેવી હતી.

૪.માંગરોળ નજીકમાં મોસાલીના ખેડૂતે ૫૦૦ રૂપિયા આપવાનું કહીને એક વસાવા મજૂરને રામજીભાઈનું ખૂન કરવા મોકલ્યો. રામજીભાઈએ સ્વભાવ મુજબ વસાવા મજૂરને આવકાર આપીને આગમનનું કારણ પૂછ્યું. ભોળા મજૂરને જૂઠુંબોલતા આવડ્યું નહીં અને સાચી હકીકતથી રામજીભાઈને વાકેફ કર્યા. રામજીભાઈએ દિલ ખોલીને વસાવા સાથે ચર્ચા કરી. વસાવાને સાચી પરિસ્થિતિનું ભાન થતાં તેનું હૃદય પરિવર્તન થયું.

૫.ગામમાં શાળા ન હોવાથી મોટી દીકરી વસંતાબેનને ભણાવવા ૧૦ રૂપિયા પગાર આપીને કાનજીભાઈ બહાદુરભાઈને શિક્ષક તરીકે રોક્યા. દીકરીની સાથે ગામનાં બાળકોને ભણાવવાની શરત હતી.

૬.શ્રી રામજીભાઈનો પરિવાર મોટો છે. પાંચ દીકરીઓ અને બે દીકરાઓને શિક્ષણ અને સંસ્કારનો ભવ્ય વારસો આપ્યો.

સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક અને સ્વ. પાંગરકરના સાથી તરીકે જાહેર જીવનમાં ઝંપલાવનાર ગરીબ આદિવાસીઓના શોષણ માટે અણનમ લડત આપનાર રામજીભાઈ સાચા અર્થમાં લોકસેવક હતા તેમણે સ્વની પરવા કર્યા વગર માથું મૂકીને કામ કર્યું. જીવનનાં અધિકાંશ વર્ષો દેશની મૂલ્યવાન સેવામાં સમર્પિત કર્યા. બહુમુખી પ્રતિભા ધરાવતા રામજીભાઈ જે જે ક્ષેત્રની સમસ્યાઓને હલ કરવા મથ્યા તેનો ઉકેલ લાવીને જંપ્યા. આજના પાખંડી રાજકારણમાં તેઓ ઋષિ જેવું

નિર્મળ જીવન જીવ્યા.

રામજીભાઈને ડાયાબિટીસ અને આંખે મોતિયાની તકલીફ હતી. સારવાર લેવા તેઓ સરદાર હોસ્પિટલ બારડોલી ગયાં. ત્યાં મોતિયાનું ઓપરેશન થયું. વર્ષો જૂના ડાયાબિટીસને કારણે કિડનીને નુકસાન થયેલું જ હતું તેમાં અચાનક વધારો થયો. એમને સરદાર હોસ્પિટલમાં ઇન્ટેન્સિવ કેર યુનિટમાં રાખવામાં આવ્યા હતા. એમની તબિયત બગડતી જતી હતી. પરિવાર જનો ને ઘરે લઈ જવાની ઇચ્છા થઈ. એમની પણ એ જ ઇચ્છા હતી. તેમને લવેટ ઘેર લઈ ગયા. ડૉ. જ્યોતિષ પટેલ અને ડૉ. નિરંજન મકવાણા છેલ્લી સારવાર કરી રહ્યા હતા. હૃદયના ધબકારા ધીમે ધીમે મંદ પડ્યા. બ્લડ પ્રેશર ઓછું થવા લાગ્યું. શ્વાસ ધીમો પડવા માંડ્યો. ડૉ. જ્યોતિષ પટેલે સ્ટેથોસ્કોપમાં હૃદયનો છેલ્લો ધબકાર સાંભળ્યો. એમના ધબકારા બંધ થયા અને આંખો મિચાઈ ગઈ. દોહિત્ર પુત્ર ડૉ.જ્યોતિષ પટેલે ડાઇંગ ડીક્લેરેશન કર્યું. તા.૨૯ જુલાઈ ૧૯૮૩ કેવું વિરલ મૃત્યુ ! દાદાની છેલ્લી સારવાર ડૉ.જ્યોતિષ પટેલે કરીને દાદાની આખરી ઇચ્છા પૂર્ણ કરી.

પોતાના કુટુંબને અને સમાજની ગરીબ જનતાને મૂકીને રામજીભાઈ પરલોકની દુનિયા તરફ પ્રયાણ કરી ગયા. જીવનપર્યંત એમણે કરેલાં સુકર્મોની સુવાસ ફેલાવતા ગયા.

આજે સ્વ.શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી સમસ્ત આદિવાસી સમાજ અને સમસ્ત ચૌધરી સમાજમાં માઇલસ્ટોન તરીકે દરેકના હૈયે પ્રેરણામૂર્તિ તરીકે અંકિત છે અને પ્રેરણા આપી રહ્યા છે.

ડૉ. જ્યોતિષ પટેલે ૧૯૯૫, ૨૯ જુલાઈ ના રોજ સ્વ.શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરીની સ્મૃતિમાં સ્વ. રામજીભાઈ રૂ. ચૌધરી સિકલસેલ એનિમિયા ફાઉન્ડેશનની શરૂઆત કરીને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે.

“શરીર તો ભસ્મ થઈ ખરી જશે, કર્યાં સુકર્મો સ્મૃતિમાં રહી જશે. શરીરને ભૂલી ગતાત્મ જીવના કરેલ સત્કર્મ સૌ સંઘરી લો. ને ભસ્મ ગંગા જળમાં વહાવી, તેના કાર્યો જીવનમાં ભરી લો.”

અશોકભાઈ એલ.પટેલ દ્વારા સંપાદિત
(ખમીરવંત સેવક શ્રી રામજીભાઈ ચૌધરીમાંથી
સાભાર સ્વીકાર)
સંકલનકર્તા
**સુભાષભાઈ રામજીભાઈ ચૌધરી**
**લવેટ, તા.માંગરોળ, જિ.સુરત.**

## શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરીની તવારીખ

| ઈ.સ. | | ઘટના ક્રમ |
|---|---|---|
| ૧૯૧૫ | : | જ.તા.૧૪મી જૂન, ૧૯૧૫ |
| ૧૯૧૫ | : | ભડકુવા-લવેટ,તા.માંગરોળ જિ.સુરત શિક્ષણ-વાંકલ, રાનીપરજ બોર્ડિંગમાં ધો.૬ સુધીનું. |
| ૧૯૩૪ | : | શ્રીમતી કમુબહેન જોડે લગ્ન થયા. |
| ૧૯૩૮ | :- | શ્રી કલ્યાણજી મહેતા તથા મીઠુંબહેન પીટીટ્ર સરધા કેવડી આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયા<br>- શિક્ષક વ્યવસાય છોડી હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં કિસાનસભાની કૂચમાં ઇન્દુલાલ યાજ્ઞિક અને પાંગરકર દાદા સાથે જોડાયા.<br>- ૨૭મી માર્ચે સાત હજાર કિસાનો અને મજદૂરોની જંગી સભા યોજી, દેવા નાબૂદી દિનની ઉજવણી થઈ.<br>- ૩જી જુલાઈએ લવેટમાં કિસાનદિનની ઉજવણી થઈ.<br>- ૧૦મી સપ્ટેમ્બરે પોલીસો અને કિસાન ખેડૂતો વચ્ચે ઝપાઝપી થઈ, લીડર શ્રી રામજીભાઈ તથા આઠ કિસાનોને કઠોરની જેલમાં પૂર્યા. બે માસ પછી જામીન પર છૂટયા. |
| ૧૯૪૧ | : | ઉધામવાદી સાહિત્ય અને વાણી |

સ્વાતંત્ર્ય અંગે ધરપકડ વહોરી.

૧૯૪૫ : સરકારના પ્રજામંડળના પ્રતિનિધિશ્રી રામજીભાઈ

- ગાયકવાડ સરકારના અન્યાયી કારભાર સામે પ્રજામંડળના લીડરશ્રી રામજીભાઈએ ધોળે દિવસે ફાનસ સાથે આદિવાસી ખેડૂતોની કૂચ કાઢી હતી.
- વડ, લવેટ, કંટવાવ ગામના જંગલ તોડાવી શ્રમજીવી - ખેડૂતોને શ્રીરામજીભાઈએ આઠ આઠ વીઘા જમીન મફત અપાવી.

૧૯૪૫ : બાલદામાં આદિવાસી પરિષદ મુંબઈ રાજયના ગૃહપ્રધાનશ્રી મોરારજીભાઈ પ્રમુખ પદે ભરાઈ તે જ વખતે થાણા જિલ્લામાં ગણોત હકનાં આંદોલન બાબતે ગોળીબાર થયેલો. તેમાં ઘણા આદિવાસીઓના મૃત્યુ થયેલા.તેનો શ્રી રામજીભાઈએ જોરદાર વિરોધ કર્યો હતો.

૧૯૪૮ : રેગામા (તા.માંડવી)માં ચૌધરી સમાજની પરિષદમાં સમાજનું બંધારણ ઘડ્યું. નૂતન સમાજની રચના માટેના ઠરાવો થયા. ચોધરામાંથી ચૌધરી અટક થઈ.

૧૯૫૭ : મુંબઈ રાજયની વિધાનસભાની ચૂંટણીમાં માંડવીના શ્રી પરભુભાઈ ધનાભાઈ કોંગ્રેસમાંથી ઉભા રહયા. એમની સામે કિસાનસભામાંથી શ્રી રામજીભાઈ ચૌધરી ઉભા રહ્યા. હાર્યા.

- ઈ.સ.૧૯૩૬ થી ઈ.સ.૧૯૫૭ સુધી કિસાનસભામાં રહી અનેક લડતો, સત્યાગ્રહો, આંદોલનો ચલાવ્યાં.
- ઈ.સ.૧૯૫૭માં જ કિસાનસભામાંથી કોંગ્રેસમાં જોડાયા.

૧૯૬૨ : ઈ.સ.૧૯૬૨ થી ઈ.સ.૧૯૬૭. કોંગ્રેસમાંથી ઊભા રહી ચૂંટાયા.

- ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે પાંચ વર્ષ રહ્યા.
- વિધાનસભાના દંડક બન્યા.

૧૯૬૪ : ગ્રામ સેવા સમાજ, વાંકલની સ્થાપના કરી તા.૨૬-૬-૧૯૬૪.

૧૯૬૭ : શ્રીરામજીભાઈ ફરીથી ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસમાંથી ઉભા રહી માંગરોળની સીટ પર જીત્યા. નાયબ મંત્રી પણ બન્યા.

૧૯૬૯ : કોંગ્રેસનું વિભાજન અને વિસર્જન થયું.

- કોંગ્રેસના બે ભાગલા પડયા : આઈ કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ
- ફરી ચૂંટણીમાં માંગરોળ સીટ પર સંસ્થા કોંગ્રેસમાંથી ઊભા રહ્યાં. હાર્યા.

૧૯૭૦ : ગુજરાત એસ.ટી.બોર્ડમાં સભ્ય (ડિરેકટર) તરીકે નિયુક્ત થયા.

૧૯૮૩ : ૨૯મી જુલાઈએ ૬૮ વર્ષની વયે ચિર વિદાય લીધી. એમને સુગર (ડાયાબિટીસ) હતી. આંખે મોતિયા હતા. બારડોલી સ્મારક હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું. એમાંથી એમની તબિયત વધુ બગડી. ૨૯મી જુલાઈએ ૬૮ વર્ષની વયે પોતાના ઘરે (લવેટ) જ કાયમને માટે પોઢી ગયા. વિરાટ સ્મશાન યાત્રા નીકળી.

૧૯૮૩ : સાતમી ઑગસ્ટે શોકાંજલિ શોકસભા એમના સાથી પરમમિત્ર શ્રી છગનભાઈ કેદારીયા (મહુવા- વાંસકુઈ)ના પ્રમુખપદે વાંકલ ગામે યોજવામાં આવી, જેમાં પણ વિશાળ મેદની હતી.

★★★